# રાજકોટ મહાનગરપાલિકા

## ટેન્ડર નં.રામન/બાંધકામ(સે.ઝો.)/૨૨-૨૩/૨૦

## એ - ટેકનીકલ બીડ

**કામનું નામ**

વોર્ડ નં-૭ માં કરણપરા ચોક પાસે આવેલ શિક્ષણ સમિતિની ઓફીસ સામેના ભાગમાં આવેલ સભાખંડનો ઈમલો પાડીને કાટમાળ લઇ જવાનું તથા જમીનને સમથળ (લેવલ) કરવાનું કામ (રીટેન્ડર)

| મુખ્ય તારીખો | |
|---|---|
| ૧. ટેન્ડર મેળવવાની તારીખ | ૧૪/૦૯/૨૦૨૩ થી ૨૭/૦૯/૨૦૨૩ સુધી બપોરે ૧૩:૦૦ કલાક સુધી |
| ૨. ટેન્ડર ભરી પરત કરવાની છેલ્લી તારીખ | ૩૦/૦૯/૨૦૨૩ સાંજે ૧૮:૦૦ સુધી (ફક્ત સ્પીડ પોસ્ટ / રજી. પોસ્ટ મારફતે સ્વીકારવામાં આવશે) |
| ૩. ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | ૦૩/૧૦/૨૦૨૩ સવારે ૧૧:૦૦ પછી |
| ૪.ટેન્ડરમાં સબમિટ કરવામાં આવેલ તમામ ડોકયુમેન્ટના ઓરીજીનલ રૂબરૂમાં બતાવવાની તારીખ | ૦૪/૧૦/૨૦૨૩ સાંજે ૧૬:૦૦ થી ૧૮:૦૦ દરમ્યાન |
| ૫. પ્રાઇસ બીડ ખોલવાની તારિખ (જો શકય હશે તો) | ૦૫/૧૦/૨૦૨૩ સવારે ૧૧:૦૦ પછી |
| ૬. બીડ વેલીડીટી | ૧૮૦ દિવસ |
| ૭. કામની સમયમર્યાદા | ૪૫ દિવસ |

**એડી. સીટી એન્જીનીયર**
રાજકોટ મહાનગરપાલિકા (સેન્ટ્રલ ઝોન)
ડૉ. આંબેડકર ભવન, બીજો માળ,
ઢેબરભાઈ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧

# રાજકોટ મહાનગર સેવા સદન

## ઈમલો પાડી લઇ જવાના કામની જાહેર નિવિદા

રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં-૭ માં કરણપરા ચોક પાસે આવેલ શિક્ષણ સમિતિની ઓફીસ સામેના ભાગમાં આવેલ સભાખંડનો ઈમલો પાડીને કાટમાળ લઇ જવાનું તથા જમીનને સમથળ (લેવલ) કરવાનું કામ (રીટેન્ડર) માટેના ભાવો પોતાના લેટરપેડ પર સીલબંધ કવરમાં રજી. પોસ્ટથી અથવા સ્પીડ પોસ્ટમાં અત્રે એડી. સીટી એન્જીનીયરશ્રી(સે.ઝોન), બાંધકામ શાખા, આંબેડકર ભવન, બસ સ્ટેશનની બાજુમાં, રાજકોટની કચેરીમાં મળી જાય તે રીતે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે.

(૧) રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં-૭ માં કરણપરા ચોક પાસે આવેલ શિક્ષણ સમિતિની ઓફીસ સામેના ભાગમાં આવેલ સભાખંડનો ઈમલો પાડી તેમાંથી નીકળતો તમામ માલ-સામાન એજન્સીએ લઇ જવાનો રહેશે અને તેની સામે કેટલી રકમ મહાનગરપાલિકાને આપવાની છે તે સ્પષ્ટ દર્શાવવાની રહેશે.

(૨) આ કામ દરમ્યાન આજુબાજુના બિલ્ડીંગને નુકશાન ન થાય તેમજ કોઈપણ જાનમાલની નુકશાની ન થાય તે રીતે તમામ સેફ્ટીના સાધનો રાખીને કરવાનું રહેશે. આ અંગેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. આમ છતાં કામ દરમ્યાન કોઈ અકસ્માત થાય, કોઈ રાહદારીને, આજુબાજુની મિલકતને તથા કામ કરતા મજુરોને ઈજા થાય તો તેનું વળતર ચૂકવવાની જવાબદારી એજન્સીની રહેશે. આ માટે તેઓએ માન્ય કંપનીનો ઇન્સ્યોરન્સ, કામ ચાલુ થાય તે પહેલા લઇ, રાજકોટ મહાનગરપાલિકામાં રજુ કરવાનો રહેશે.

(3) એજન્સી દ્વારા બાંધકામમાંથી નીકળતું રબીશ તાડપત્રીથી સંપૂર્ણપણે ઢાંકીને RMC દ્વારા સૂચવે તે જગ્યાએ RMCની હદમાં નાખી આપવાનું રહેશે. તે માટે કોઈ અલગ ભાવ ચુકવવામાં આવશે નહી.

(૪) એજન્સી દ્વારા રોડ લેવલ સુધી ઈમલો દુર કરી પ્લોટની તમામ જમીન સમથળ કરી આપવાની રહેશે.

(૫) આ કામ વર્કઓર્ડર આપવાના ૭૫ દિવસમાં પૂર્ણ કરવાનું રહેશે.

(૬) આવેલ ભાવો પૈકી સૌથી ઉંચી ઓફર અથવા કોઈપણ ઓફર આવે તે મંજુર/નામંજુર કરવાનો રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટના અધિકારો અબાધિત રાખવામાં આવે છે. તેમજ કોઈપણ વિવાદિત તથા કાયદાકીય બાબતો અંગે મ્યુનીસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી તથા બંધનકર્તા રહેશે.

(૭) આ કામે વિશેષ માહિતીની જરૂર જણાય તો સબંધિત કામના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી(વો-૨) રાજકોટ મહાનગરપાલિકા, આંબેડકરભવન - બાંધકામ શાખા , બીજો માળ, સાંજે ૪:૦૦ થી ૬:૦૦ દરમ્યાન સંપર્ક કરવો.

(૮) આપેલ સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવામાં નહી આવે તો મુદતવધારો આપવામાં આવશે નહી.

(૯) ટેન્ડરની જાહેરાત તથા શરતો rmc.gov.in માંથી ડાઉનલોડ કરી દરેક પેઈજ પર પેઢીના નામનો સિક્કો લગાવી પ્રોપરાઈટર દ્વારા સહી કરી આપવાની છે.

(૧૦) ભાવ ભરનાર એજન્સીએ RMC ના વેન્ડર થવું ફરજીયાત હોવાથી જો તેઓ RMC ના વેન્ડર ન હોય તો આ અંગેની જરૂરી પ્રક્રિયા અત્રેની શાખા મારફત પૂરી કરવાની રહેશે.

(૧૧) એજન્સીએ આ પ્રકારના આગાઉ કરેલ કામની યાદી, જો ફોટા હોય તો તે સાથે સામેલ કરવાની રહેશે.

(૧૨) તોડકામ દરમ્યાન ધૂળ, માટી, કચરો આસપાસ કે જાહેર રસ્તા પર ઉડે નહી તે રીતે કાળજીપૂર્વક કામ કરવાનું છે. આ માટે અત્રેથી સુચના આપવામાં આવ્યેથી સુચના મુજબ પાલખ મેળા બાંધી જ્યુટ કે કાપડથી સંપૂર્ણપણે આડશ કરી આપવાની છે.

(૧૩) આ કામ શહેરના અંદરના વિસ્તારમાં વાહન ચલાવવા સંબંધક મંજુરીની પ્રક્રિયા એજન્સીએ જાતેજ કરી લેવાની રહે છે.

(૧૪) આ ઈમારતનું ઇલેક્ટ્રિક કનેક્શન જો ચાલુ રાખવાનું થાય તો અત્રેથી સુચના આપવામાં આવે તે સ્થળે ઇલેક્ટ્રિક મીટર વિના મુલ્યે એજન્સીએ શીફ્ટ કરી ફીટીંગ કરી આપવાનું છે.

(૧૫) કામ ચાલુ કરતા પહેલા તથા સમગ્ર ઈમલો તોડી પડાયા બાદ સમગ્ર બિલ્ડીંગના ચારે તરફના ફોટો/વિડીયો પાડવાના રહેશે. જેની અત્રેથી સુચના મુજબની કલર પ્રિન્ટો કાઢી રજુ કરવાની રહેશે.

(૧૬) એજન્સી દ્વારા રૂ! ૨,૦૦,૦૦૦/- સિક્યોરીટી ડીપોઝીટ કામ ચાલુ કરતા પહેલા ભરપાઈ કરવાની રહેશે. અત્રેથી આપવામાં આવેલ સમયમર્યાદા દરમિયાન સપૂર્ણ કામગીરી પૂર્ણ કરવાની રહે છે. અન્યથા પ્રતિ દિવસ રૂ! ૫૦૦ લેખે પેનલ્ટી સ્વરૂપેની રકમ એજન્સીએ ભરપાઈ કરવાની રહેશે. જો આમ કરવામાં એજન્સી નિષ્ફળ જશે જો તેની સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૧૭) ટેન્ડર ફી રૂ! ૧,૧૨૫/- ભર્યેથી ટેન્ડર આપવામાં આવશે. ટેન્ડર સાથે અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી) રૂ! ૫૦,૦૦૦/- "રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન" નાં નામનો નેશનલાઇઝ્ડ બેંક / શેડ્યુલ બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ રજુ કરવાનો રહેશે. (ચુકવવાપાત્ર: રાજકોટ)

(૧૮) રાજકોટ મહાનગરપાલિકાના કોઈપણ અધિકારી/કર્મચારી સાથે એજન્સી સંકળાયેલી હોવી જોઈએ નહી. જો એજન્સી રાજકોટ મહાનગરપાલિકાનાં કોઈપણ અધિકારી/કર્મચારી સાથે સંકળાયેલ માલુમ પડશે તો એજન્સીને ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૧૯) ટેન્ડર ભરનાર એજન્સી માન્ય સંસ્થાનું રજીસ્ટ્રેશન ધરાવતા હોઈ અને અનુભવ ન ધરાવતાં હોય તો તેઓએ આવા ઈમલો તોડનાર ઓછામાં ઓછા બે વર્ષનો અનુભવ ધરાવતા કોન્ટ્રાક્ટર સાથે MOU કરીને રજુ કરવાનું રહેશે અને અન્ય ઈમલો તોડવાના અનુભવી કોન્ટ્રકટરના અનુભવના આધારે ભાવો રજુ કરી શકશે.

(૨૦) એજન્સી દ્વારા કામ દરમ્યાન ઈ-ટેન્ડરની કોઈપણ શરતોનું ભંગ કરવામાં આવશે તો સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. તેમજ રાજકોટ મહાનગરપાલિકાનાં કામોમાંથી ત્રણ વર્ષ માટે બ્લેક લીસ્ટ / ડિબાર / ટર્મિનેટ કરવામાં આવશે.

(૨૧) આ કામે એજન્સીએ પુખ્ત વયના અને અનુભવી માણસો તેમજ અનુભવી સુપરવાઈઝરી સ્ટાફ રાખવાનો રહેશે.

(૨૨) કામ કરતા મજુરોની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રક્ટરની રહેશે તથા પુરતા સુરક્ષા સાધનો વસાવવાના રહેશે અને મજુરોને જરૂરી વીમા કવચથી સુરક્ષા આપવાની રહેશે. કામ દરમ્યાન કામદારને કોઈપણ પ્રકારે ઈજા થાય તો રાજકોટ મહાનગરપાલિકા કોઈપણ પ્રકારનું ચુકવણું કરવા જવાબદાર નથી. એજન્સીએ પોતાના મજુરો/ વર્ક ફોર્સની સંપૂર્ણ સુરક્ષા માટે વીમા કવચ પૂરું પડવાનું રહેશે અને તે અંગે કરેલ વ્યવસ્થા સબંધક દસ્તાવેજોની નકલ રાજકોટ મહાનગરપાલિકાને રજુ કરવાની રહેશે.

(૨૩) રસ્તા ઉપરની કામગીરી માટે રસ્તા બંધનાં બોર્ડ તથા જરૂરી સિક્યોરીટીની વ્યવસ્થા એજન્સીએ કરવાની રહેશે.

**(૨૪) કામગીરી દરમ્યાન અકસ્માત, ઈજા અથવા મૃત્યુના કિસ્સામાં ખર્ચ / વળતરની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરશ્રીની રહેશે તથા કોન્ટ્રક્ટર તમામ કાયદાકીય કાર્યવાહી માટે જવાબદાર રહેશે. ફોજદારી ગુનો બનતો હોય તો તે માટે પણ કોન્ટ્રાક્ટર જવાબદાર રહેશે.**

(૨૫) કોન્ટ્રાક્ટરશ્રીએ વર્કમેન કોમ્પેન્સેશન એક્ટ હેઠળ ડબલ્યુ સી. પોલીસી લેવાની રહેશે તથા ૧૦ કામદારોથી વધુ હોય તો લેબર લાયસન્સ લેવાનું રહેશે. ૧૦ થી ઓછા માટે બાહેંધરીપત્રક રજુ કરવાનું રહેશે. પરંતુ પ્રવર્તમાન ધોરણે વર્કમેન કોમ્પેન્સેશન એક્ટ હેઠળ ડબલ્યુ સી. માટેની જરૂરી વિધિનું પાલન કરવાનું રહેશે.

**(૨૬) કોન્ટ્રાક્ટરશ્રીએ સરકારશ્રીનાં પ્રવર્તમાન ESIC તથા નિયમ મુજબ પોતાના હસ્તકના કામદારો માટે કર્મચારી પ્રોવિડન્ટ ફંડ નંબર (ઈ.પી.એફ.) લેવાનો રહેશે. GST નંબર હોવો જોઈએ.**

**(૨૭) આ કામે એજન્સીએ કામ કરવા માટે જરૂરી ટેમ્પરરી ઇલેક્ટ્રિક કનેક્શન પી.જી.વી.સી.એલ. પાસેથી જાતે મેળવી લેવાનું રહેશે.**

(૨૮) કોન્ટ્રાક્ટરશ્રીએ હાલના ચાલુ કે નવા લાગુ પડનાર તમામ પ્રકારના ટેક્સ સાથે ગણતરી કરી ભાવો ભરવાના રહે છે. રાજકોટ મહાનગરપાલિકા આ માટે વધારાનું કોઈ ચુકવણું કરશે નહી. સરકારી નિયમ મુજબ ઇન્કમ ટેક્સ તથા લેબર સેસ કે અન્ય ટેક્સ કોન્ટ્રાક્ટરનાં બિલમાંથી કપાત કરવામાં આવશે તથા કોન્ટ્રાક્ટ દરમ્યાન સરકારશ્રી તરફથી કોઈ નવા કર કે કરના દરમાં ફેરફાર કરવામાં આવશે તો તે અંગેની જવાબદારી કોન્ટ્રાક્ટરશ્રીની રહેશે.

(૨૯) કોન્ટ્રાક્ટરે ૧૮ વર્ષથી ઓછી ઉમરના કોઈને કામે રાખવાના નથી.

(૩૦) આ કોન્ટ્રાક્ટ અંગે ન્યાયતંત્ર રાજકોટ શહેર રહેશે તેમજ ઈ-ટેન્ડર ફી, અર્નેસ્ટ મની ડીપોઝીટ અને સિક્યોરીટી ડીપોઝીટ તરીકે રજુ કરવાના થતા ડીમાન્ડ ડ્રાફ્ટ, ફિક્સ ડીપોઝીટ (એફ.ડી.આર.) રાજકોટ શહેર લોકલ બ્રાન્ચ અને પેએબલ એટ રાજકોટ શહેરના જ હોવા જોઈશે.

(૩૧) આ ઈમલામાં નીચેની વિગત મુજબનું અંદાજીત બિલ્ડીંગ મટીરીયલ હયાત છે. આ બધી સંખ્યા અંદાજીત હોઈ સંખ્યામાં વધ/ઘટ થયે કોઈ વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

**<u>સભાખંડ</u>**:

- ✓ લાકડાનાં દરવાજા + વેન્ટીલેટર અંદાજીત ૫ નંગ.
- ✓ લાકડાની બારી લોખંડની ગ્રીલ સાથે અંદાજીત ૧૫ નંગ.
- ✓ લાકડાની કેચી અંદાજીત ૫ નંગ.
- ✓ લોખંડની કેચી અંદાજીત ૩ નંગ
- ✓ લાકડાના રાફ્ટર અંદાજીત ૫૦ નંગ
- ✓ પ્લાયવુડના દરવાજા અંદાજીત ૨ નંગ
- ✓ જુના નળિયા અંદાજીત ૩૧૫ ચો.મી.
- ✓ કોટા સ્ટોનનું ફ્લોરિંગ અંદાજીત ૩૦૦ ચો.મી.

**<u>સ્ટોરરૂમ</u>**:

- ✓ લાકડાની બારી અંદાજીત ૩ નંગ
- ✓ લાકડાનો દરવાજો ૧ નંગ
- ✓ એસ્બેસ્ટોસ સિમેન્ટના છાપરા અંદાજીત ૩૦ ચો.મી.
- ✓ લોખંડની કેચી અંદાજીત ૪ નંગ

(૩૨) સદરહુ કામે સ્ટેન્ડિંગ કમિટી ઠરાવ / જનરલ બોર્ડ ઠરાવ વિગેરેની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ભાવ માન્ય રાખવાના થશે.

(૩૩) એજન્સીએ સિક્યોરીટી ડીપોઝીટ સિવાય ઈમલાની સામે ઓફર કરેલ કુલ રકમ મહતમ બે હપ્તેથી રાજકોટ મહાનગરપાલિકામાં એડવાન્સમાં જમા કરાવવાની રહેશે. જે પૈકી પ્રથમ હપ્તો વર્ક ઓર્ડર આપ્યાની તારીખે તથા બીજો હપ્તો વર્ક ઓર્ડર આપ્યાની તારીખથી ૧૫ દિવસમાં રાજકોટ મહાનગરપાલિકામાં જમા કરાવવાનો રહેશે.

(૩૪) **ઈમલામાંથી નીકળતું કિમતી મટીરીયલ જેમકે દરવાજા, બારી, કબાટ, વિગેરે એજન્સીએ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સૂચવેલ જગ્યાએ રાજકોટ મહાનગરપાલિકાના કબજામાં રાખવાનું રહેશે. જેમ જેમ કામ થતું જશે તેમ તેમ તબક્કાવાર આ મટીરીયલ સક્ષમ અધિકારીની મંજુરી મેળવીને રીલીઝ કરવામાં આવશે અને ત્યારબાદ સદર મટીરીયલ એજન્સી પોતાના કબજામાં લઇ શકશે. છેલ્લો જથ્થો સદર જગ્યાની જમીન સમથળ થયે રીલીઝ કરવામાં આવશે.**

(૩૫) GST ની રકમ શરત ચૂકથી અલગ દર્શાવવામાં નહી આવે તો કુલ રકમમાં GST સમાવેશ થયેલ છે તેમ માનવામાં આવશે.

**એડી. સીટી એન્જીનીયર**
**રાજકોટ મહાનગરપાલિકા**

# રાજકોટ મહાનગરપાલિકા

**ટેન્ડર નં.રામન/બાંધકામ(સે.ઝો.)/૨૨-૨૩/૨૦**

## બી - પ્રાઈઝ બીડ

**કામનું નામ**

વોર્ડ નં-૭ માં કરણપરા ચોક પાસે આવેલ શિક્ષણ સમિતિની ઓફીસ સામેના ભાગમાં આવેલ સભાખંડનો ઈમલો પાડીને કાટમાળ લઇ જવાનું તથા જમીનને સમથળ (લેવલ) કરવાનું કામ

| મુખ્ય તારીખો | |
|---|---|
| ૧. ટેન્ડર મેળવવાની તારીખ | ૧૪/૦૯/૨૦૨૩ થી ૨૭/૦૯/૨૦૨૩ સુધી બપોરે ૧૩:૦૦ કલાક સુધી |
| ૨. ટેન્ડર ભરી પરત કરવાની છેલ્લી તારીખ | ૩૦/૦૯/૨૦૨૩ સાંજે ૧૮:૦૦ સુધી (ફક્ત સ્પીડ પોસ્ટ / રજી. પોસ્ટ મારફતે સ્વીકારવામાં આવશે) |
| ૩. ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | ૦૩/૧૦/૨૦૨૩ સવારે ૧૧:૦૦ પછી |
| ૪.ટેન્ડરમાં સબમિટ કરવામાં આવેલ તમામ ડોક્યુમેન્ટના ઓરીજીનલ રૂબરૂમાં બતાવવાની તારીખ | ૦૪/૧૦/૨૦૨૩ સાંજે ૧૬:૦૦ થી ૧૮:૦૦ દરમ્યાન |
| ૫. પ્રાઇસ બીડ ખોલવાની તારિખ (જો શકય હશે તો) | ૦૫/૧૦/૨૦૨૩ સવારે ૧૧:૦૦ પછી |
| ૬. બીડ વેલીડીટી | ૧૮૦ દિવસ |
| ૭. કામની સમયમર્યાદા | ૪૫ દિવસ |

**એડી. સીટી એન્જીનીયર**
રાજકોટ મહાનગરપાલિકા (સેન્ટ્રલ ઝોન)
ડૉ. આંબેડકર ભવન, બીજો માળ,
ઢેબરભાઈ રોડ, રાજકોટ – ૩૬0001

# રાજકોટ મહાનગરપાલિકા

## બાંધકામ શાખા

## <u>ભાવ પત્રક</u>

**<u>કામનું નામ</u>**: વોર્ડ નં-૭ માં કરણપરા ચોક પાસે આવેલ શિક્ષણ સમિતિની ઓફીસ સામેના ભાગમાં આવેલ સભાખંડનો ઈમલો પાડીને કાટમાળ લઇ જવાનું તથા જમીનને સમથળ (લેવલ) કરવાનું કામ (રીટેન્ડર)

| કામની વિગત | **એજન્સી દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને ઓફર કરેલ રકમ (રૂપિયા)** |
|---|---|
| **વોર્ડ નં-૭ માં કરણપરા ચોક પાસે આવેલ શિક્ષણ સમિતિની ઓફીસ સામેના ભાગમાં આવેલ સભાખંડનો ઈમલો પાડીને કાટમાળ લઇ જવાનું તથા જમીનને સમથળ (લેવલ) કરવાનું કામ (રીટેન્ડર)** | |
| **GST ૧૮%** | |
| **કુલ...** | |

સઘળું કામ ફરમાવવામાં આવે તે પ્રમાણે શરતો અને સમજુતી મુજબ કરવાનું છે.

અમોએ સ્થળ તપાસ કરેલ છે અને સ્થળની સમ્પૂર્ણ વિગત મેળવેલ છે. બારી, દરવાજા, કબાટ, વિગેરેની સંખ્યા તપાસેલ છે.

હું / અમો આ ટેન્ડરમાં લખેલો ઈમલો પાડીને લઇ જવાનું કામ જમીન સમથળ કરવા સાથે **<u>રૂ!                                   (અંકે રૂપિયા                                   </u>** <u>                                   )</u> પુરા (GST સહિત) રાજકોટ મહાનગરપાલિકાને રકમ ચુકવી કામ પૂર્ણ કરવા બાંહેધરી આપું/આપીએ છીએ.

**કોન્ટ્રાક્ટરની સહી તથા સિક્કો**